ભારત-GCC ટ્રોઇકા મંત્રીસ્તરીય બેઠક, ન્યૂયોર્ક (25 સપ્ટેમ્બર, 2026)

ભારત-ખાડી સહકાર પરિષદ (GCC) ટ્રોઇકા મંત્રીસ્તરીય બેઠક આજે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 81મા સત્ર દરમિયાન યોજાઈ હતી. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. ટ્રોઇકા-સ્તરે GCC નું પ્રતિનિધિત્વ બહેરીનના વિદેશ મંત્રી મહામહિમ ડૉ. અબ્દુલ્લાતિફ બિન રાશિદ અલ ઝાયની, GCC ના મહાસચિવ મહામહિમ જાસેમ મોહમ્મદ અલબુદૈવી અને સાઉદી અરેબિયાના વિદેશ રાજ્ય મંત્રી મહામહિમ આદેલ અલ-જુબેર દ્વારા કરવામાં આવ્યું હતું. UAE ના આંતરરાષ્ટ્રીય સહકાર રાજ્ય મંત્રી મહામહિમ રીમ અલ હાશિમી, કતારના વિદેશ રાજ્ય મંત્રી મહામહિમ સુલતાન અલ મુરાઈખી, ઓમાનના વિદેશ મંત્રાલયના સંગઠન વિભાગના નિયામક મહામહિમ રાજદૂત મોહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ કુતબી અને કુવૈતના વિદેશ બાબતોના સહાયક મંત્રી મહામહિમ રાજદૂત હમદ અલ મારી પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

2. નેતાઓએ 09 સપ્ટેમ્બર, 2024 ના રોજ રિયાધમાં યોજાયેલી વ્યૂહાત્મક સંવાદ માટેની પ્રથમ ભારત-GCC સંયુક્ત મંત્રીસ્તરીય બેઠકની સિદ્ધિઓને આગળ વધારવા માટેની તેમની સંયુક્ત પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી. EAMએ ભાર મૂક્યો હતો કે ભારત અને GCC દેશો વચ્ચે ઐતિહાસિક રીતે ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો છે, જે જીવંત વેપાર સંબંધો અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો પર આધારિત છે. તાજેતરના વર્ષોમાં, ભારત અને GCC દેશો વચ્ચે વેપાર, રોકાણ, ઊર્જા, આરોગ્ય, ટેકનોલોજી અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન સહિતના વિવિધ ક્ષેત્રોમાં સંબંધો વધુ ગાઢ થયા છે. GCC પ્રદેશમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાય વસે છે. ભારત અને GCC વચ્ચે વેપાર અને રોકાણમાં સતત વૃદ્ધિ થઈ રહી છે, નાણાંકીય વર્ષ 2025-26 માં કુલ વેપાર USD 178.66 બિલિયનનો રહ્યો છે.

3. નેતાઓએ ભારત-GCC સંયુક્ત કાર્ય યોજના (JAP) 2024-2028 ના અમલીકરણની સમીક્ષા કરી, જેને વ્યૂહાત્મક સંવાદ માટેની પ્રથમ ભારત-GCC સંયુક્ત મંત્રીસ્તરીય બેઠકમાં અપનાવવામાં આવી હતી. JAP માં રાજકીય સંવાદ, સુરક્ષા, વેપાર અને રોકાણ, કૃષિ અને ખાદ્ય સુરક્ષા, પરિવહન, ઊર્જા, આરોગ્ય, સંસ્કૃતિ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સંયુક્ત પ્રવૃત્તિઓની જોગવાઇ કરવામાં આવી છે. તેમણે રેખાંકિત કર્યું કે JAPમાં સમાવિષ્ટ ક્ષેત્રોની વિવિધતા ભારત અને GCC દેશો વચ્ચેના સંબંધોની ઊંડાઇ અને વ્યાપકતાનું પ્રતિબિંબ છે અને આ ક્ષેત્રોમાં સહકારને આગળ વધારવામાં થઈ રહેલી સતત પ્રગતિની પ્રશંસા કરી.

4. નેતાઓએ ફેબ્રુઆરી 2026 માં સંદર્ભ શરતો (ToR) ને અંતિમ સ્વરૂપ આપ્યા પછી ભારત-GCC મુક્ત વેપાર કરાર (FTA) અંગેની વાટાઘાટો શરૂ થવાનું સ્વાગત કર્યું. તેમણે નોંધ્યું કે FTA પર હસ્તાક્ષર થયા બાદ ભારત અને GCC વચ્ચેના વેપારની સંપૂર્ણ ક્ષમતાને ઉજાગર કરવામાં તે મદદરૂપ થશે અને નિકાસના વિસ્તરણ તથા વૈવિધ્યકરણને સુગમ બનાવવાની સાથે બંને પક્ષો વચ્ચે આર્થિક એકીકરણને મજબૂત બનાવશે તેમજ વૈશ્વિક કલ્યાણ માટે પ્રેરક બળ તરીકે કામ કરશે.

5. EAM એ પશ્ચિમ એશિયામાં તાજેતરના સંઘર્ષને કારણે વેપાર માર્ગોમાં વિક્ષેપ હોવા છતાં ઊર્જા અને ખાતરનો પુરવઠો જાળવી રાખવા બદલ GCC દેશોનો આભાર માન્યો. EAM એ નવીનીકરણીય ઊર્જા, જૈવ ઇંધણ અને ગ્રીન ટેક્નોલોજીના ક્ષેત્રોમાં સહયોગનો વિસ્તાર કરવા સહિત ભારત-GCC ઊર્જા ભાગીદારીને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો.

6. નેતાઓએ કલા, વારસા, યોગ, સંગીત, સિનેમા અને સાહિત્યના ક્ષેત્રમાં સંયુક્ત પ્રવૃત્તિઓ દ્વારા લોકોથી લોકોના પરસ્પર સંબંધોને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રીએ ભારતીય ડાયસ્પોરાનું કલ્યાણ સુનિશ્ચિત કરવા તથા તાજેતરના પશ્ચિમ એશિયા સંઘર્ષ દરમિયાન તેમની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા બદલ GCC દેશોની પ્રશંસા કરી.

7. નેતાઓએ પરસ્પર ચિંતાના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું. પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ, આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં વાણિજ્યિક જહાજ પરિવહન સામેના પડકારો, બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારાને સમર્થન અને ટકાઉ વિકાસ તથા આતંકવાદ જેવા સમકાલીન પડકારોનો સામનો કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. EAM એ પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાના મહત્વ તેમજ સંઘર્ષોના ઉકેલ માટે સંવાદ અને કૂટનીતિના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

8. બંને પક્ષો વ્યૂહાત્મક સંવાદ માટેની બીજી ભારત-GCC સંયુક્ત મંત્રીસ્તરીય બેઠક વહેલી તકે યોજવા સંમત થયા.

ન્યૂ યોર્ક

25 સપ્ટેમ્બર, 2026